
# પોલીસ સ્ટેશન પર સોડાની બોટલના ઘા કરનાર આરોપીઓને બજારમાં પોલીસે દોરડા બાંધી લંગડા ચલાવ્યા, બે હાથ જોડી માફી માગતા નજરે પડ્યા







રાજકોટ:રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર ૧૬ જાન્યુઆરીની રાત્રે સોડાની બોટલો ફેંકીને પોલીસને પડકાર ફેંકનાર આરોપીઓને દીવ ક્રાઈમ બ્રાન્ચની મદદથી ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓને દોરડાથી બાંધીને એસ.કે. ચોક પાસેની માર્કેટમાં રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. આ દરમિયાન આરોપીઓ લંગડાતા પગે ચાલતા અને જાહેરમાં બે હાથ જોડી માફી માગતા નજરે પડ્યા હતા. પોલીસે તેમને 'કૂકડા' બનાવીને ચલાવ્યા હતા. આ ઘટનાએ શહેરમાં પોલીસની કડક કાર્યવાહી અને જાહેર સુરક્ષા પર ચર્ચા શરૂ કરી દીધી છે.

શહેરના ગાંધીગ્રામ પોલીસ મથક પર ૧૬ જાન્યુઆરીના રાત્રે ૧૦:૩૦ વાગ્યે અજાણ્યા શખસો દ્વારા સોડાની બોટલના ઘા કરી પોલીસને પડકાર ફેંકવામાં આવ્યો હતો. જેનાથી પોલીસની આબરૂના લીરેલીરા ઉડી ગયા હતા. જોકે, આ ઘટના બાદ તુરંત જ ગાંધીગ્રામ પોલીસે ઝૂઝૂના આધારે કુખ્યાત બુટલેગર હર્ષદ માંડલીયા ઉર્ફે મહાજનના પુત્ર જેનીશ માંડલિયા અને તેની સાથેના ચાર સાગરીતો દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

આ મામલે ગાંધીગ્રામ પોલીસે ક્રાઈમ રજિસ્ટર નં. ૩૯/૨૦૨૬ હેઠળ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૨૫, ૩(૫), ૬૨ તથા જાહેર સંપત્તિને નુકસાન નિવારણ અધિનિયમ, ૧૯૮૪ની કલમ ૩(૨)(e) મુજબ ગુનો નોંધ્યો હતો. આ ઘટના બાદ માહિતી મળતાં દીવ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ દીવ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૩૫/૨૦૨૫ મુજબ આલીશાન હોટલ સામેના પાર્કિંગ વિસ્તારમાં મહિન્દ્રા થાર વાહન (GJ-03-PJ-0022) સાથે ચાર શંકાસ્પદ વ્યક્તિઓને શોધી કાઢ્યા હતા. તેમને અટકાયત કરી દીવ પોલીસ સ્ટેશન ખાતે પૂછપરછ કરવામાં આવી હતી.


જેથી, પોલીસે તુરંત જ આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને આજે રવિવારે સાંજે તેમનું એસ.કે. ચોક પાસે દોરડા બાંધી રિ-કન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. આ દરમિયાન મહિલા પોલીસ આરોપીઓને દોરડા સાથે બાંધી ચાલતી દેખાઈ હતી. જે દરમિયાન આરોપીઓને પોલીસે ખૂબ જ માર્યા હોય તેમ તેઓ લંગડાતા પગે ચાલતા હતા. જે બાદ આરોપીઓને કૂકડા બનાવી રસ્તા પર ચલાવ્યા હતા.

# ભાદર-૧ સિંચાઈનું પાણી ન મળતાં ખેડૂતોએ કેનાલમાં રામધૂન બોલાવી

ધોરાજી: ધોરાજી પંથકમાં ભાદર-૧ કેનાલના કારણે ખેડૂતોને રવી મોસમ લેવામાં સાનુકુળતા વધી જાય છે. નવાઈની વાત એ છે કે દીવાળી પછી રવી મોસમના વાવેતર થયા પછી પાણી છોડવામાં આવે છે અને નિયમ મુજબ પાણી છોડતા પહેલા કેનાલની સાફ સફાઈ કરી લેવી પડે છે. એ કામ હડમતીયા કે મોટીમારડ વિસ્તારમાં બરાબર કરવામાં આવ્યું ન હતું. હવે આ કામ ચાલુ કરવામાં આવતા ખેડૂતોમાં રોષ ફેલાઈ ગયો છે. અધિકારીઓની મનમાનીના વિરોધમાં આ પંથકના ખેડૂતોએ કેનાલમાં એકત્ર થઈ રામધૂન બોલાવી તંત્રને જગાડવા પ્રયાસ કર્યો છે.

મોટી મારડ અને અન્ય બ્રાન્ચ કેનાલોમાં મોટા પ્રમાણમા બાવળીયા ઉગી ગયા છે. કેનાલમાં ઝાડી ઝાંખરાના કારણે જળ વહનમાં સમસ્યા ઉદભવે એ સ્વાભાવિક હોય છે. આ સમસ્યાના નિરાકરણ માટે ઉનાળાના સમયમાં કેનાલની સાફ સફાઈ કરાવી લેવી જોઈએ. પણ આ કામ રવી પાક મોસમ પહેલા યોગ્ય રીતે કરાવાતું નથી. વાસ્તવિક રીતે જળ વહન માટે અવરોધો દૂર કરીને કેનાલને ઓકટોબર માસમાં કલીયર કરાવી દેવી જોઈએ. આ માટે જાણે કે કુલડીમાં ગોળ ભાંગી લેવાતો હોય એમ કેનાલના કામો બતાવી દેવામાં આવે છે એવુ ખેડૂતોને લાગી રહ્યું છે. કેનાલ સંપૂર્ણ ક્લિયર કરાવ્યા વગર મોટી મારડ વિસ્તારને પાણી છોડી દેવામાં આવ્યું છે. જેમાં અનેક વાર કેનાલ અવરોધના કારણે છલકાઈને જળ વેફડાટ થયો છે. જયારે હડમતીયા વિસ્તારમાં ખેડૂતો સિંચાઈ જળથી સાવ વંચિત છે. એ ખેડૂતો બોરમાંથી કે કૂવામાંથી પાણી લઈને પાકને બચાવે છે. અહી કેનાલ સાફ સફાઈના બહાને કેનાલ બંધ રાખવામાં આવી છે. આ બાબતે ખેડૂતોએ વિરોધ વ્યકત કરી કેનાલમાં બેસીને રામધૂન બોલાવી અધિકારીઓના રવૈયાનો વિરોધ કર્યો હતો. આ ઉપરાંત કેનાલ સફાઈના નામે થતા ભ્રષ્ટાચારની તપાસની માગણી કરી છે.

# રાજકોટમાં ૨૮ સોસાયટીમાં અશાંતધારાની મુદત ૫ વર્ષ વધી



રાજકોટ:રાજકોટની ૨૮ સોસાયટીમાં અશાંતધારાની મુદત ૧૩ જાન્યુઆરીના રોજ પૂર્ણ થતી હતી, ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ મુદત વધારી ૧૬ જાન્યુઆરી, ૨૦૩૧ કરવામાં આવી હોવાનું પશ્ચિમ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ દ્વારા જાહેર કરાયુ છે. આ મુદત પૂર્ણ થતા જમીન-મકાનના દસ્તાવેજોની નોંધણી અટકાવી દેવામાં આવી હતી. જોકે, હવે અહી વધુ ૫ વર્ષ માટે અશાંતધારો લાગૂ કરી દેવામાં આવ્યો છે, જેથી અહીં મિલકત ખરીદનાર અને વેચનારની સાથે કલેકટરની મંજૂરી વિના જમીન-મકાનની લે-વેંચ નહીં થઈ શકે.ધારાસભ્ય ડૉ. શાહે જણાવ્યુ હતુ કે, રાજકોટમાં વોર્ડ નં.૨ની છોટુનગર કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, નિરંજની સોસાયટી આશુતોષ સોસાયટી, સિંચાઈનગર, સ્વસ્તિક સોસાયટી, આરાધનપા સોસાયટી, દિવ્ય સિધ્ધ સોસાયટી, પ્રગતિ સોસાયટી, જીવનપ્રભા, અંજલી સોસાયટી, કૃષ્ણકુંજ સોસાયટી, સૌરભ સોસાયટી, રેસકોર્સ પાર્ક, વસુંધરા સોસાયટી, અવંતિકા પાર્ક, જનતા જનાર્દન સોસાયટી, બજરંગવાડી વિસ્તાર, સુભાષનગર, ચુડાસમા પ્લોટ, રાજનગર, અલ્કાપુરી સોસાયટી, યોગેશ્વર સોસાયટી, ઈન્કમટેક્ષ સોસાયટી, બેંક ઓફ બરોડા સોસાયટી સહિતના ૨૮ સોસાયટી વિસ્તારોમાં સામાજીક સંતુલન જળવાય રહે અને મિલ્કતોના ખરીદ-વેચાણમાં ગેરરીતિ અટકાવવાના ઉદ્દેશ સાથે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો હતો. જેની મુદત ગત ૧૩ જાન્યુઆરીના વિધિવત રીતે પૂર્ણ થઈ ગઈ હતી. જે માટે છેલ્લા ૬ માસથી થઈ રહેલી રજૂઆત બાદ ૧૭ જાન્યુઆરીએ ગૃહ વિભાગ દ્વારા આ ૨૮ સોસાયટીની અશાંતધારા મુદત ૧૬ જાન્યુઆરી, ૨૦૩૧ સુધી લંબાવવાનું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે.ન્યુ રાજકોટની ૨૮ સોસાયટીઓમાં લાગુ કરાયેલા અશાંતધારાની મુદત ગત ૧૩ જાન્યુઆરીના પૂર્ણ થતાં આ સોસાયટી વિસ્તારના જમીન-મકાનના દસ્તાવેજોની નોંધણી પર તાબડતોબ બ્રેક મારી દેવામાં આવી હતી. કલેક્ટર તંત્ર દ્વારા અશાંતધારા હેઠળ આવરી લેવાયેલા ૨૮ સોસાયટીના જમીન-મકાનના દસ્તાવેજોની નોંધણી હાલ તૂરંત નહી કરવા માટે સબ રજીસ્ટ્રારને પણ તાકિદ કરી દેવામાં આવી હતી. જોકે હવે ધારાસભ્યે જણાવ્યા મૂજબ અશાંતધારાની મુદત વધારવાને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

# મોબાઈલ વિક્રેતાઓને ત્યા GSTનાં દરોડા:એસ્ટ્રોન ચોકમાં ઉમિયા, મેહુલ અને જેનિસ મોબાઈલ શોરૂમમાં તપાસ




રાજકોટ:સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા રાજકોટમાં આજે GSTવિભાગ દ્વારા મોબાઈલ વિક્રેતાઓ પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. શહેરના જાણીતા એસ્ટ્રોન ચોક વિસ્તારમાં આવેલા મોટા મોબાઈલ શોરૂમ્સ પર GSTવિભાગની ટીમોએ અચાનક ત્રાટકીને તપાસ શરૂ કર્યો છે. આ કાર્યવાહીમાં ઉમિયા મોબાઈલ, જેનિસ મોબાઈલ, મેહુલ ટેલીકોમ અને ઓપો સ્ટોર જેવા પ્રતિષ્ઠિત એકમોનો સમાવેશ થાય છે. રજાના દિવસે જ થયેલી આ કાર્યવાહીને પગલે સમગ્ર શહેરના વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.આ અંગે મળતી વિગતો મુજબ, GST વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કાફલા સાથેની ટીમો આજે અચાનક જુદા-જુદા મોબાઈલ શોરૂમ પર પહોંચી હતી. અધિકારીઓએ દુકાનોમાં પ્રવેશતાની સાથે જ શટર બંધ કરાવી દીધા હતા અને અંદર તપાસ શરૂ કરી દીધી હતી. એસ્ટ્રોન ચોક વિસ્તારમાં રવિવાર અથવા રજાના દિવસે મોટી સંખ્યામાં ગ્રાહકો મોબાઈલની ખરીદી માટે ઉમટી પડતા હોય છે, પરંતુ આજે જીએસટીની રેડને કારણે ગ્રાહકોમાં પણ કુતૂહલ અને મુંઝવણ જોવા મળી હતી. કારણ કે, શટર બંધ હોવા છતાં અંદર દસ્તાવેજો અને સ્ટોકની ચકાસણી કરવામાં આવી રહી છે.GST વિભાગ દ્વારા આ તપાસ મુખ્યત્વે કરચોરીના શંકાસ્પદ વ્યવહારોને લઈને કરવામાં આવી રહી છે. વિભાગને આશંકા છે કે આ શોરૂમ્સમાં બિલ વિનાના મોબાઈલ ફોનનું વેચાણ, જૂના મોબાઈલના વ્યવહારોમાં GSTની ચોરી અને અન્ય નાણાકીય અનિયમિતતાઓ આચરવામાં આવી રહી છે. અધિકારીઓ દ્વારા હાલમાં વેચાણના બિલો, જીએસટી રિટર્ન અને ફિઝિકલ સ્ટોકનું મિલાન કરવામાં આવી રહ્યું છે. જો તપાસમાં કોઈ મોટું કૌભાંડ અથવા જીએસટી ચોરી પકડાશે, તો વેપારીઓ સામે લાખો રૂપિયા સુધીનો દંડ સહિત કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં અગાઉ પણ બોગસ બિલિંગ અને ટેક્સ ચોરીના કિસ્સાઓ સામે આવ્યા છે, જેના કારણે વિભાગ સતર્ક બન્યું છે. એસ્ટ્રોન ચોકની આ કાર્યવાહીને પગલે આસપાસની અન્ય મોબાઈલ શોરૂમ અને દુકાનોના સંચાલકોમાં પણ ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વિચિત્ર કિસ્સો: પિતાની હત્યાના આરોપી પુત્ર સાથે વીમા એજન્ટે આચરી ૧.૩૩ લાખની છેતરપિંડી

ઉપલેટા:ભાયાવદર પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનો એક વિચિત્ર કિસ્સો નોંધાયો છે, જેમાં પિતાની હત્યાના ગુનામાં જેલમાં બંધ પુત્ર સાથે વીમા એજન્ટે છેતરપિંડી આચરી હતી. ઉપલેટાના રાજપરા ગામે રહેતા દેવીબેન કાનાભાઈ જોગે ચરેલીયા ગામના વીમા એજન્ટ ક્રિપાલસિંહ હુકમસિંહ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. દેવીબેનનો ભાઈ રામદે હાલ પિતાની હત્યાના ગુનામાં રાજકોટ મધ્યસ્થ જેલમાં છે.દેવીબેન તાજેતરમાં ભાઈને મળવા જેલમાં ગયા ત્યારે રામદેએ જણાવ્યું હતું કે તેણે પિતા માટે એચ.ડી.એફ.સી. બેંકની પોલિસી લીધી હતી, જે રિજેક્ટ થઈ હતી. તેનું રિફંડ એજન્ટ ક્રિપાલસિંહ પાસે છે, જે ઘરખર્ચ માટે લઈ લેવું. રામદેએ અગાઉ એજન્ટને પ્રથમ પ્રીમિયમ ભરવા માટે ૧,૩૩,૩૦૦ રૂપિયા રોકડા આપ્યા હતા. તપાસ કરતા હકીકત સામે આવી હતી કે પોલિસી રિજેક્ટ થતા પ્રીમિયમની રકમ એજન્ટ ક્રિપાલસિંહના ખાતામાં પરત જમા થઈ હતી.

આરોપીએ આ વાત રામદેથી છુપાવીને પૈસા વાપરી નાખ્યા હતા. વધુમાં, એજન્ટે પિતાના મૃત્યુના થોડા દિવસો પહેલા જ રામદે પાસે બીજા વર્ષના પ્રીમિયમ પેટે ખોટી રીતે ફરી ૧.૩૩ લાખ રૂપિયાની માંગણી પણ કરી હતી. શરૂઆતમાં જ્યારે દેવીબેને ઉઘરાણી કરી ત્યારે એજન્ટે બહાનું કાઢ્યું હતું કે રિફંડ તો ગ્રાહકના ખાતામાં જ આવે,પરંતુ દેવીબેને પોલીસ ફરિયાદની વાત કરતા તેણે ફોન પર ગુનો કબૂલ્યો હતો કે પૈસા તેના ખાતામાં આવ્યા હતા અને તે વપરાઈ ગયા છે. ભાયાવદર પોલીસે એજન્ટ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## 'અમારે ઈમરજન્સી છે અને બસમાંથી ઉતરી જવું છે'

# રાજકોટ-પોરબંદર રૂટમાં કંડક્ટરે મુસાફરને રિફંડ આપવાની ના પાડતા લાફા ઝીક્યા!

રાજકોટ:એસ.ટી. બસના મહિલા કંડક્ટરને મહિલા મુસાફર દ્વારા લાફા મારવામાં આવ્યા હોવાની ઘટના સામે આવી છે. રાજકોટથી પોરબંદર રૂટની બસ ગોંડલ હાઈ-વે પર પહોંચી ત્યારે ઈમરજન્સી છે અને અમારે નીચે ઉતરવું છે તેમ કહી પુરુષ અને મહિલા મુસાફરે રિફંડ આપવાની માંગણી કરી હતી. જોકે, નિયમ મુજબ રિફંડ આપી શકાય તેમ નથી એવું કહેતા મહિલા મુસાફર ઉશ્કેરાઈ ગયા અને લાફા મારી દીધા હતા. જોકે, આ ઘટનામાં કંડકટર દ્વારા પોલીસ મથકમાં FIR દાખલ કરવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

પોરબંદરના રાતીયા ગામે રહેતા અને એસ.ટી. બસમાં કંડકટર તરીકે ફરજ બજાવતા હેતલબેન રાઠોડે રાજકોટના કૈલાશ પાર્કમાં રહેતા સાગરદાન પાંચાલીયા અને ભગવતીબેન લીલા સામે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, ૧૭ જાન્યુઆરીના સાંજના સમયે રાજકોટથી પોરબંદર રૂટની બસમાં તેઓ કંડકટર તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા હતા. આ દરમિયાન ઉપરોક્ત બંને વ્યક્તિઓ મુસાફર તરીકે બસમાં બેઠા હતા.

જે બાદ બસ ગોંડલ હાઈ-વે પર પહોંચી ત્યારે બંને વ્યક્તિઓ દ્વારા કહેવામાં આવ્યું કે, અમારે ઈમરજન્સી છે અને બસમાંથી ઉતરી જવું છે જેથી રિફંડ આપો. જેથી કંડક્ટરે કહ્યું કે, તમને બસમાંથી ઉતારી દઈએ પરંતુ રિફંડ આપી શકાય તેમ નથી. જેથી મહિલા મુસાફર ઉશ્કેરાઈ ગયા હતા અને કંડકટરના ગાલ પર બે ત્રણ લાફા મારી દીધા હતા અને ઈજા પહોંચાડી હતી. જેથી કંડકટર દ્વારા આજીડેમ પોલીસ મથકમાં કાયદેસરની ફરજમાં રુકાવટની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જે બાદ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘઉંમાં નાખવાનો પાવડર ખાઈ જતા ગળાફાંસો ખાતા યુવાનનું મોત

રાજકોટ:શહેરના હરીધવા રોડ ઉપર રહેતા ૩૦ વર્ષીય કેવિનભાઈ રૈયાણી ગત ૧૫ જાન્યુઆરીના સાંજના ૭ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણસર ઘઉંમા નાખવાનો પાવડર લઈ લેતા તબિયત લથડી હતી. જેથી તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં લાવવામાં આવ્યા હતા. જોકે આજે ચાલુ સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. જયારે અન્ય બનાવમા બાલાજી હોલ પાસે ન્યુલક્ષ્મિ સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય ભાવેશભાઇ સંઘાણી કોઈ કારણસર ગળાફાંસો ખાઇ લેતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે તબીબોએ તેમનું જોઈ તપાસી મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યુ હતુ.

**પાંચમા માળેથી પડી જતા યુવતીનું મોત**

શહેરના કટારિયા ચોકડી પાસે ગુજરાત હાઉસિંગ બોર્ડ ક્વાટરમાં રહેતા ૨૪ વર્ષીય પલકબેન ઝાલા આજે બપોરે ૩ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે પાંચમાં માળેથી પડી ગયા હતા જેથી લોહીલુહાણ અને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે તબીબોએ તેમનું મૃત્યુ નિપજ્યુ હોવાનુ જાહેર કર્યુ હતુ.

# ઉપલેટામાં જૂના બાઈક ભંગારના ધંધામાં હિંસક અથડામણ

## છરી-ધોકા ઉછળ્યા, બંને પક્ષે ઈજાઓ થતાં ફરિયાદ; પોલીસ તપાસ શરૂ

રાજકોટ:રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેરમાં શુક્રવારે રાત્રે જૂના મોટરસાયકલ તોડવાના અને ભંગારના વ્યવસાયને લઈને બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઘટના મહમદનગર વિસ્તારમાં સ્મશાન રોડ પાસે બની હતી, જેમાં બંને પક્ષે છરી અને લાકડાના ધોકા જેવા હથિયારોનો ઉપયોગ થયો હતો અને અનેક લોકોને ઈજાઓ પહોંચી હતી.

પ્રથમ પક્ષે એઝાઝ રજાકભાઈ કાણાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, આરોપી જાવીદ ઉર્ફે પપ્પુએ તેમને ફોન કરીને બોલાવ્યા હતા. જૂના બાઈક ભાંગવા બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતા જાવીદે છરી વડે હુમલો કરી એઝાઝને જમણા હાથની આંગળીમાં ઈજા પહોંચાડી હતી. જાવીદના સાગરીતો અજીમ અને હનીફે પણ લાકડાના ધોકા વડે હુમલો કરતા એઝાઝના પુત્ર અહેમદ અને પાડોશી મરીયમબેનને પણ ઈજાઓ થઈ હતી.સામા પક્ષે, જાવીદ ઉર્ફે પપ્પુ જમાલભાઈ કુરેશીએ વળતી ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા અનુસાર, એઝાઝ કાણાએ જૂના વાહનો મોકલવા બાબતે ઝઘડો કર્યો અને ઉશ્કેરાઈને છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં જાવીદને અંગૂઠામાં ઈજા થઈ હતી. ઝઘડો છોડાવવા આવેલા તેમના પુત્ર અજીમને એઝાઝે સાથળના ભાગે છરીનો ઘા મારતા ટાંકા આવ્યા હતા. આ અથડામણમાં જાવીદના મિત્ર હનીફભાઈને પણ ધોકા વડે માર મારવામાં આવ્યો હતો.બંને પક્ષના ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઉપલેટા પોલીસે બંને પક્ષો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (મ્હજી) ની કલમ ૧૧૫(૨), ૧૧૮, ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ હેઠળ રાયોટિંગ અને મારામારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જેટકો સબસ્ટેશન ચોરીમાં ૫ ઝડપાયા:રૂ. ૩.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે ૩ ગુના ઉકેલ્યા



ધોરાજી:

રાજકોટ ગ્રામ્ય પોલીસે જેટકો સબસ્ટેશનમાંથી કિંમતી ઈલેક્ટ્રિક સાધનોની ચોરી કરતી આંતરજિલ્લા ગેંગનો પર્દાફાશ કર્યો છે. એલસીબીએ પાટણવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.આ ઘટના ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બની હતી. પાટણવાવના ૬૬ કેવી સબસ્ટેશનમાંથી આશરે રૂ. ૧.૧૭ લાખની કિંમતના ત્રણ કેપેસિટરની ચોરી થઈ હતી. આ અંગે જુનિયર એન્જિનિયર ગૌરાંગભાઈ વાઘિયાએ ફરિયાદ નોંધાવી હતી.ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, એસ.પી. વિજયસિંહ ગુર્જરની સૂચનાથી એલસીબી પી.આઈ. વી.વી. ઓડેદરા અને તેમની ટીમે તપાસ શરૂ કરી હતી.

પોલીસે બાતમીના આધારે અશોક ઉર્ફે કટિયો, આકાશ વિકાણી, ઘનશ્યામ હળવદિયા, શંભુ ખાવડિયા અને વિજય સોલંકી સહિત પાંચ આરોપીઓની અટકાયત કરી છે. પોલીસ તપાસમાં આ તમામ આરોપીઓ દેવીપૂજક સમાજના અને મૂળ ધ્રાંગધ્રા-હળવદ પંથકના હોવાનું ખુલ્યું છે.પોલીસે તેમની પાસેથી ચોરીમાં વપરાયેલી ઈકો કાર, મોબાઈલ ફોન, લોખંડનું કટર, પાના અને રોકડ સહિત કુલ રૂ. ૩,૧૪,૦૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.આ ગેંગ રાત્રિના સમયે સબસ્ટેશનમાં ઘૂસીને કટર વડે રિએક્ટરના કેબલ કાપીને કિંમતી સામાનની ચોરી કરતી હતી.કડક પૂછપરછ દરમિયાન, ઝડપાયેલા આરોપીઓએ પાટણવાવ ઉપરાંત ગોંડલના રીબડા નજીક અને જૂનાગઢના ચોકી ગામે પણ સમાન ચોરીઓને અંજામ આપ્યાની કબૂલાત કરી છે. આ સાથે પોલીસે કુલ ત્રણ ગુનાઓના ભેદ ઉકેલ્યા છે.

## તરણેતરમાં 'શ્રી કૃષ્ણ ગૌ-શાળા' અને 'અનસોયા આશ્રમ'ના લાભાર્થે

# આયોજકોએ લકી ડ્રોની ૬૨ હજાર ટિકિટ વેચીને રૂપિયા ૩.૦૯ કરોડ ઉઘરાવ્યા!

## ભોગ બનનાર ફરિયાદ કરવા આગળ નહીં આવતા થાન પોલીસ ફરિયાદી બની ૬ આયોજક, આશ્રમના મહંત સામે ગુનો નોંધ્યો

થાન :

થાન તાલુકાના તરણેતર ખાતે શ્રી કૃષ્ણ ગૌ-શાળા તથા અનસોયા આશ્રમ-અમરાપરના લાભાર્થે ઈનામી લક્કી ડ્રો યોજનાની ટિકિટ બહાર પાડી હતી અને થાન, ચોટીલા સહિત જિલ્લા ભરના લોકોને એજન્ટો મારફતે ટિકિટોનું વેચાણ કર્યું હતું. આયોજકો દ્વારા એક ટિકિટના રૂ.૪૯૯ રાખવામાં આવ્યા હતા અને અલગ અલગ લક્ઝરિયસ કાર સહિત મોંઘાદાટ ઈનામોની લાલચ આપી હતી.

ટિકિટના વેચાણ બાદ આયોજકો દ્વારા ગત તા.૧૫ જાન્યુઆરીના રોજ થાનના તરણેતર ખાતે ડ્રો રાખવામાં આવ્યો હતો આથી મોટી સંખ્યામાં લોકો દૂર દૂરથી ડ્રોના સ્થળ પર ઉમટી પડયા હતા પરંતુ આયોજકો દ્વારા ડ્રો રદ કરી નાશી છુટયા હતા અને એજન્ટો સહિત ટિકિટ ખરીદનાર લોકોએ ઉહાપો મચાવતો વીડિયો વાયરલ થતાં મામલો મામલો પોલીસને ધ્યાને આવતા પોલીસે સ્થળ પર પહોંચી હતી. પોલીસે લોકોને શાંત કરી લેપટોપ અને ટિકિટ સહિતનો મુદામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

આ મામલે ભોગ બનનાર કોઈ એજન્ટ કે ટિકિટ ખરીદનાર દ્વારા અંતે ફરિયાદ ન કરતા થાન પોલીસ ફરિયાદી બની (૧) હીરાભાઈ જે. ગ્રામભડિયા (રહે. નાના માત્રા, વિંછીયા), (૨) લગધીરભાઈ કે. કારેલીયા (રહે. કાનપર, થાન), (૩) સુરેશભાઈ આર. ઝરવરિયા (રહે. નવાગામ, ચોટીલા), (૪) મેરાભાઈ એસ. ડાભી (રહે. ચિત્રાખડા, વાંકાનેર), (૫) નરશીભાઈ ડી. સોલંકી (રહે. વિજળીયા, થાન), (૬) રમેશભાઈ સી. ઝેઝરીયા (રહે. અભેપર, થાન) અને (૭) આશ્રમના મહંત રામદાસ મહાત્યાગી ઉર્ફે રામદાસ બાપુ (રહે. ઈન્દોર, મધ્યપ્રદેશ) સામે સમગ્ર છેતરપિંડી મામલે ફરિયાદ નોંધાવી છે. પ્રાથમિક તપાસમાં પોલીસે ફરિયાદમાં અંદાજે ૬૨,૦૦૦ ટિકિટોનું વેચાણ કરી રૂ.૩,૦૯,૩૮,૦૦૦ ની છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચોટીલા ડેપ્યુટી કલેક્ટર દ્વારા પણ આ સમગ્ર કૌભાંડમાં આયોજકો સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરી કાર્યવાહી હાથ ધરી છે.